ગાંધીનગર તાપમાન

મહત્તમ : ૪૩.૦ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૫૩ ટકા ● સાંજે ૧૭ ટકા




૧ મે એ ગુજરાત સ્થાપના દિન તરીકે ઉજવાય છે. દરેક તહેવારો પર પોતાની અનોખી ક્રિએટિવ કલા દ્વારા અવેરનેસ ફેલાવતા અમદાવાદના જાણીતા કલાકાર શ્રી મુકેશ પંડયાએ ગુજરાતના નક્શાને ખુબજ સુંદર રીતે પેપરકળામાં ઢાળેલ છે. અહીં મુકેશ પંડયાએ દુનિયા ભરમાં મશહૂર એવા ગુજરાત ના બે મુખ્ય તહેવારોને આગવી રીતે દર્શાવેલ છે. ભારતીય તિરંગાના રંગોને અલગ અલગ પેપરના લેયર ઉપસાવીને ગુજરાતના નકશાની બોર્ડર ને લગભગ ૧૮૦ જેટલી પતંગોથી કવર કરેલ છે. જેની દરેકની ૮×૮ એમ એમ જેટલી સાઈઝ છે. તદ્ઉપરાંત પેપરની ફીરકી તેમજ દોરી તથા નવરાત્રી રમતા સ્ત્રી પુરુષો, અશોક ચક્ર, પેપરના દાંડિયા વગેરે ખૂબ બારીકાઈથી દર્શાવેલ છે. ફક્ત રંગીન પેપર માંથી જ સર્જેલ આ ક્રિએટિવ વર્કની સાઈઝ ૧૫ ઈંચ બાય ૨૦ ઈંચની છે. આજ રીતે તમામ ભારતીય તહેવારોને મુકેશ પંડયાએ સોસીયલ મીડિયા દ્વારા વિશ્વભરમાં નામના અપાવી છે.

# જેનરીક સ્ટોરનું વીજબીલ સિવિલના માથે

## સિવિલ તંત્રને વિજબીલને પગલે વાર્ષિક અંદાજીત રૂ. ૩ લાખનું ભારણ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં આવેલ જેનરીક દવાના સ્ટોરનું બીલ સ્ટોર બન્યો ત્યારથી આજદીન સુધી સિવિલ તંત્ર દ્વારા ભરવામાં આવે છે. જયારે જેનરીક દવાનો સ્ટોર ખાનગી કંપની દ્વારા સંચાલિત છે ત્યારે આ દવાના સ્ટોરના પગલે અંદાજીત વાર્ષિક રૂ. ૩ લાખનું ભારણ સિવિલ તંત્રને ભોગવવું પડે છે. પરંતુ સિવિલ તંત્ર દ્વારા આ મુદ્દે મગનું નામ મરી પાડવામાં આવતું નથી.

પ્રાપ્ત માહિતી મુજબ દર્દીઓને સારી અને સસ્તી દવાઓ સરળતાથી મળી રહે તે માટે એક વર્ષ અગાઉ સિવિલ કેમ્પસમાં પંડિત દિનદયાળ પ્રધાનમંત્રી જન ઔષધી સ્ટોર




ઉભો કરાયો છે. આ સ્ટોરનું ઉદઘાટન આરોગ્ય વિભાગ દ્વારા ઝડપથી કરવામાં આવનાર હોવાથી ઉચ્ચ કક્ષાના અધિકારીઓની સૂચનાને પગલે સ્ટોરના સંચાલકોને કામ ચલાઉ વીજ કનેકશન સિવિલમાંથી આપવામાં આવ્યું હતું. સ્ટોરના ઉદઘાટન બાદ તેઓ વીજમીટર ફીટ કરવાના હતા પરંતુ આ સ્ટોરમાં આજદીન સુધી મીટર આવ્યું નથી અને સિવિલના વીજ કનેકશન પર જ જેનરીક સ્ટોરમાં પાંચ જેટલા એસી અને ફ્રીજ ૨૪ કલાક ધમધમી રહ્યા છે. ૨૪ કલાક આટલા વીજ ઉપકરણો ચાલુ હોય તો તેનું અંદાજી બીલ રૂ. ૨૫ થી ૩૦ હજાર આવે છે ત્યારે છેલ્લા એક વર્ષથી વધુના સમયથી સિવિલના માથે જેનરીક સ્ટોરના બીલનો પણ ભાર રહેલો છે. સિવિલ તંત્ર દ્વારા પણ જેનરીક સ્ટોર પાસે આજદિન સુધી વીજબીલની ઉઘરાણી કરવામાં આવી નથી. આ સ્ટોરનું અંદાજીત રૂ. ૩ લાખ જેટલું વાર્ષિક બીલ સિવિલ તંત્ર દ્વારા ચુકવવામાં આવે છે.

# ભાટ કોટેશ્વર નજીક રીક્ષામાંથી ૧૨૦ લીટર દેશી દારૂના જથ્થા સાથે ઈસમની ધરપકડ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર-ઈન્દીરા બ્રીજ માર્ગ પર ભાટ કોટેશ્વર માર્ગ પર રીક્ષામાં દેશી દારૂની હેરાફેરી કરતા ઈસમને દેશી દારૂના જથ્થા સાથે ક્રાઈમ બ્રાન્ચે ઝડપી પાડયો હતો. પોલીસે આરોપી પાસેથી ૧૨૦ લીટર દેશી દારૂ સહિત રૂ. ૫૨૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર ક્રાઈમ બ્રાન્ચની ટીમના પીએસઆઈ ડી.ડી. રહેવર સહિતની ટીમ આજે ભાટ તથા કોટેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી દરમિયાન દિલીપસિંહ અને રાજેન્દ્રસિંહને ખાનગી માહિતી મળી હતી કે કોઈ શખ્સ રીક્ષામાં દેશી દારૂનો જથ્થો લઈ પસાર થઈ રહ્યો છે. જે બાતમીના આધારે પોલીસે કોટેશ્વર રોડ પરથી પસાર થતી રીક્ષા નં. જીજે-૧ ટીબી ૨૨૬૧માં દેશી દારૂ લઈ જતા વિજય મનોજભાઈ બોરાણા (રહે. વાડજ કબીર ટેકરી દાંડી બ્રીજ સ્મશાનની પાછળ છાપરામાં અમદાવાદ) અટકાવી તપાસ કરતા રીક્ષામાંથી દેશી દારૂ ૧૨૦ લીટર તથા રીક્ષા મળી કુલ ૫૨,૪૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો અને આરોપી વિજય વિરુધ્ધ કાયદેસરની કાર્યવાહી શરુ કરી છે.

# વૃધ્ધાશ્રમના આશ્રિત વડીલો સાથે આનંદભર્યો સમય વિતાવતા યુવાનો





ગાંધીનગર, તા.૩૦

સર્વ વિશ્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ ગૃપના યુવા વિદ્યાર્થીઓ દ્વારા અવારનવાર વૃધ્ધાશ્રમમાં રહેતા વડીલોના ચહેરા પર સ્મિત આવે તે હેતુથી તેમની સાથે સમય વિતાવી વિવિધ કાર્યક્રમો કરે છે. આજ રીતે રવિવારે સર્વ નેતૃત્વ ગૃપ તથા રાધે રાધે ગૃપ સાથે સંકળાયેલ એક યુવાનનો જન્મદિવસ પિંડારડા ખાતેના આમ્રપાલી વૃધ્ધાશ્રમ ખાતે ભવ્ય રીતે ઉજવવામાં આવ્યો હતો.

આમ્રપાલી વૃધ્ધાશ્રમના ૫૫ વડીલો સાથે યુવાનોએ ડાન્સ અને ગરબાની મોજ માણી હતી. આ સાથે યુવાનોએ વડીલોને સ્વાદિષ્ટ ઢોંસા પીરસી આનંદપૂર્વક ભોજન કરાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમિયાન યુવાનોએ વડીલો સાથે ખૂબ મોજમસ્તી ભર્યો સમય વિતાવ્યો હતો. જેના કારણે વડીલો આનંદિત થયા હતા. કાર્યક્રમના માર્ગદર્શક તરીકે વિદ્યાર્થીઓ સાથે ધર્મેન્દ્રસિંહ જાડેજા જોડાયા હતા. આમ્રપાલી વૃધ્ધાશ્રમના ટ્રસ્ટી અને કર્મચારીઓએ સમગ્ર કાર્યક્રમ માટે સહકાર પૂરો પાડયો હતો. આ કાર્યક્રમ ગૃપના તન્મય પટેલ, રાહુલ સુખડીયા, ઉમંગ બારોટ, શુભમ સુખડીયા, કૌશિક પ્રજાપતિ, રાહુલ રંગાણી, રવિ પટેલ, હેત અને યોગેશ દ્વારા આયોજિત કરાયો હતો.

## ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજની કાર્યવાહક સમિતિની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેર પેન્શનર્સ સમાજ ગાંધીનગરની મે માસની કાર્યવાહક સમિતિની માસિક બેઠક આગામી તા.૩ મે, ગુરુવારના રોજ સંસ્થાના પ્રમુખ ડાહ્યાભાઈ પ્રજાપતિના અધ્યક્ષ સ્થાને સાંજે ૫ કલાકે સ્વસ્તિક કોમ્પ્લેક્ષ, બીજે માળ સેકટર-૨૨ ખાતે યોજાશે. આ બેઠકમાં અગત્યની ચર્ચા-વિચારણા કરવામાં આવનાર છે. જેમાં સંસ્થાના તમામ પદાધિકારીઓ અને કાર્યવાહક સમિતિના સભ્યોને અચુક હાજર રહેવા જણાવાયું છે.

## ગાંધીનગર તાલુકા નિવૃત કર્મચારી મંડળના હોદેદારોની વરણી

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર તાલુકા નિવૃત કર્મચારી મંડળના પ્રમુખ તરીકે મેલાભાઈ પટેલ છાલા તેમજ મહામંત્રી તરીકે ગુણવંતભાઈ પટેલ લવારપુરની વરણી કરવામાં આવી છે. આ સાથે ૪૨ કારોબારી સભ્યોની પણ વરણી કરવામાં આવી છે.

## સિવિલ હોસ્પિટલના આઠમા માળેથી આધેડ દર્દીએ પડતુ મુકયુ

ગાંધીનગર, તા.૩૦

પ્રાપ્ત માહિતી અનુસાર સાબરકાંઠાના વિજયનગરના કાલવણ ગામે દલપતભાઈ નાગાભાઈ ફેરા (ઉ.વ.૪૫) પોતાની પત્ની અને બે દિકરીઓ સાથે રહે છે. બે દિવસ અગાઉ આધેડ દલપતભાઈએ પોતાના જ ખેતરમાં ઝેરી દવા ગટટાવી અગમ્ય કારણોસર આત્મહત્યાની કોશિશ કરી હતી. પ્રથમ ચોરવાડ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં સારવાર બાદ દલપતભાઈને ગાંધીનગરમાં રહેતા તેમના ભાઈ વધુ સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં લઈ આવ્યા હતા. જયાં સિવિલ હોસ્પિટલના આઠમા માળે મેલ મેડિકલ વોર્ડમાં તેમને દાખલ કરવામાં આવ્યા હતા.

દલપતભાઈના સગા સબંધી તેમને મળવા આવ્યા હતા અને બધા હાજર જ હતા. મોડી રાત્રે બાથરૂમ જવાનું કહી બાથરૂમની બારીમાંથી નીચે પડતું મુકી મોતને વ્હાલુ કર્યું હતું. નીચે પટકાતા આધેડનું ઘટના સ્થળે જ મોત નિપજયું હતું. આ મામલે સેકટર-૭ પોલીસે ઘટના સ્થળે પહોંચી આગળની કાર્યવાહી શરુ કરી હતી. જેની તપાસ જમાદાર પ્રવિણજી ચલાવી રહ્યા છે.




અત્યારે ઉનાળાની કાળઝાળ ગરમીનો સમય ચાલી રહ્યો છે અને રાજયભરમાં જળસંકટ સર્જાય તેવી પરિસ્થિતિ પેદા થવા પામી છે. આ સમયે પાણી વિવેકથી વાપરવું એ તમામ નાગરિકોનો ધર્મ છે. આમ પણ જળ એ જીવન છે તેથી જળનો દુરુપયોગ કે વેડફાટ ના થાય તે જોવું આજના સમયની તાતી જરૂરિયાત છે. ગાંધીનગરના નાગરિકોમાં જળ બચાવવા અંગે જાગૃતિ આવે તે હેતુસર સેકટર-૧૫ની સરકારી વિજ્ઞાન કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા 'જળ બચાવો' રેલી યોજવામાં આવી હતી. આ રેલી સેકટર-૧૫માંથી નીકળી ચ-૫ સર્કલ સુધી શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી જેમાં વિદ્યાર્થીઓએ સુત્રોચ્ચાર થતા બેનર્સ-પ્લેકાર્ડસ દ્વારા નાગરિકોને પાણી બચાવવા અંગે જાગૃત કરવા પ્રયાસ કર્યો હતો.

## @ગાંધીનગર

● સિનિયર સિટીઝન્સ કાઉન્સિલ ગાંધીનગર દ્વારા એચ.કે. મેવાડા અને એમ.ડી. પટેલ વ્યાખ્યાન માળા અંતર્ગત પીયુષ ગાંધી દ્વારા ગીફ્ટ સીટી વિશે વ્યાખ્યાન સાંજે ૫ કલાકે સૌરાષ્ટ્ર પટેલ સમાજ વાડી, સે-૭ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● રાજય સરકાર દ્વારા રાજયભરમાં જળસંચય અભિયાનનો પ્રારંભ કરવામાં આવ્યો છે. આ અભિયાન અંતર્ગત રાજયભરના અધિકારીઓએ એક વ્હોટસએપ ગૃપ બનાવ્યું છે જે અધિકારીઓમાં ખૂબ પ્રિય બન્યુંછે.

● ગાંધીનગર જિલ્લાના જળસંચય અભિયાનમાં જોડાવા માટે રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી જાતે આવવાના હોઈ તંત્ર દ્વારા તેની તૈયારીઓ આરંભી દેવાઈ છે.

● પાલજ ખાતેની આઈઆઈટી ગાંધીનગર ખાતે મુસ્લિમ સમુદાયના યુવાનો માટે એન્ટરપ્રિન્યોરશીપ વર્કશોપ યોજાયો હતો. આ વર્કશોપમાં ગુજરાત વિધાનસભાના વિપક્ષના નેતા પરેશ ધાનાણીએ તેમના વકતવ્યમાં ભાજપની ભાષામાં 'સબકા સાથ, સબકા વિકાસ' શબ્દો ઉચ્ચારતા આશ્ચર્ય ફેલાયું હતું.

## આજે ગુજરાત રાજય કર્મચારી મહામંડળ દ્વારા રકતદાન શિબિર યોજાશે

ગુજરાત રાજય કર્મચારી મહામંડળ અને ઈન્ડીયન રેડક્રોસ સોસાયટીના સહયોગથી રકતદાન શિબિર અને આંખ નિદાન કેમ્પનું આયોજન કરાયું છે. આ શિબિર જુના સચિવાલય કર્મચારી મહામંડળ બ્લોક નં-૬ ભોંયતળીયે ખાતે તા.૧-૫-૧૮ના રોજ ગુજરાતના સ્થાપના દિને સવારે ૧૦ કલાકે જરુરીયાતમંદ વ્યકિતઓ માટે રકતદાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. ગાંધીનગરના તમામ કર્મચારીઓ તથા શહેરના નાગરીકોને મોટીસંખ્યામાં ઉપસ્થિત રહી શિબિરમાં રકતદાન કરવા કર્મચારી મહામંડળના પ્રમુખ સંજય પટેલ અને મહામંત્રી ગીરીશ પટેલે અનુરોધ કર્યો છે.

# 'ભારત દેશ ગેસ આધારિત અર્થતંત્રની દિશામાં' વિષય પર પીડીપીયુમાં ઓપન હાઉસ યોજાયુ




ગાંધીનગર, તા.૩૦

ભારત દેશ ગેસ આધારિત અર્થતંત્ર કેવી રીતે બની શકે તે અંગેની ચર્ચા વિચારણા કરવા ગાંધીનગર સ્થિત પંડિત દીનદયાળ પેટ્રોલિયલમ યુનિવર્સિટી (પીડીપીયુ)માં આજે ઓપન હાઉસ સેશન યોજાયું હતું. જેમાં ઈન્ટરનેશનલ ગેસ યુનિયનનાં પ્રેસિડેન્ટ અને ગેસ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ (જીટીઆઈ)નાં સીઈઓ શ્રી ડેવિડ કેરોલ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતાં.

પીડીપીયુ આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ પ્રાપ્ત સંસ્થા છે, કે જે ભવિષ્યનાં સંશોધનો અને નાવિન્યપૂર્ણતાઓનાં ફાઉન્ડેશન પર આધારિત શ્રેષ્ઠ શિક્ષણ અને તાલીમ પુરા પાડે છે. પીડીપીયુ મુખ્યત્વે એનર્જી એન્જિનિયરિંગ અને મેનેજમેન્ટનાં ક્ષેત્રમાં કાર્યરત છે. યુનિવર્સિટી મુખ્યત્વે ઓઈલ અને ગેસ, એનર્જી અને ઈન્ફ્રાસ્ટ્રકચર જેવા ક્ષેત્રમાં પ્રભુત્વ ધરાવે છે. પીડીપીયુમાં વિવિધ શ્રેષ્ઠતા કેન્દ્રો પણ છે. તેમાં સિમેન્સ સેન્ટર ઓફ એકસીલન્સ, સેન્ટર ઓફ એકસીલન્સ ઈન જીયોથર્મલ એનર્જી, ઈનોવેશન એન્ડ ઈન્ક્યુબેશન સેન્ટર, સોલાર રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ સેન્ટર, સેન્ટર ફોર બાયોફ્યુઅલ્સ એન્ડ બાયોએનર્જી સ્ટડીઝ, સેન્ટર ઓફ એકસીલન્સ ઈન કલાયમેટ ચેન્જ એન્ડ એનર્જી એફીસીયફન્સી એન્ડ સેવિંગ ઈનિશિયેટીવનો સામાવેશ થાય છે.

ઓગસ્ટ ૨૦૧૭માં ભારતનાં માનનીય આદરણીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ બોલાવેલી વૈશ્વિક સીઈઓની બેઠકમાં ગેસ ટેકનોલોજી ઈન્સ્ટિટ્યુટ, ઈલીનોઈસ અને પંડિત દીનદયાળ પેટ્રોલિયમ યુનિવર્સિટી, ગાંધીનગર વચ્ચે જોડાણ થાય તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી, જેનાથી ભારતમાં નેચરલ ગેસનો વિકાસ શક્ય બને. આ સંદર્ભમાં આજે યોજાયેલા ઓપન હાઉસમાં ઈન્ટરનેશનલ ગેસ યુનિયનનાં પ્રેસિડેન્ટ અને જીટીઆઈનાં સીઈઓ શ્રી ડેવિડ કેરોલ મુખ્ય મહેમાનપદે ઉપસ્થિત રહ્યા હતાં.

આજનાં ઓપન હાઉસ સેશનને ખુલ્લુ મુકતા એસપીટી-પીડીપીયુનાં ડાયરેકટર ડો. અનિરબિદ સિરકારે જણાવ્યું હતું કે, 'વૈશ્વિક પોર્ટફોલિયોમાં ગેસનું પ્રદાન ૨૫ ટકાનું છે, જયારે ભારતમાં તે માત્ર પાંચથી છ ટકા છે. ભારત સરકાર વર્ષ ૨૦૨૨ સુધીમાં તેને ૧૫ ટકા સુધી લઈ જવા ધારે છે.'

પીડીપીયુનાં ડાયરેકટર જનરલ શ્રી સી ગોપાલકૃષ્ણને જણાવ્યું કે, ભારત સરકાર ગેસનાં વપરાશનું પ્રદાન પાંચ ટકાથી વધારીને ૧૫ ટકાનું કરવા ધારે છે. આ માટે ગેસ આયાત અને પાઈપલાઈન આંતરમાળખા માટે રૂ. ૬૫,૦૦૦ કરોડ જેટલુ રોકાણ થવાનો અંદાજ છે. વર્ષ ૨૦૨૨ સુધીમાં ગેસનો વપરાશ ૭૦ બિલયન ક્યુબિક મીટર્સ અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦૦ ટ્રિલીયન ક્યુબિક મીટર્સ થવાની ધારણા છે.

જીટીઆઈનાં પ્રેસિડેન્ટ શ્રી ડેવિડ કેરોલે ઓપન હાઉસને સંબોધતા જણાવ્યું કે ભારતનાં પ્રાકૃતિક ગેસનાં વધારે પ્રદાનનાં આયોજનમાં જીટીઆઈ સંપૂર્ણપણે સહકાર અને મદદ પૂરા પાડશે. તેમણે એવુ પણ સુચન કર્યુ કે ભારતનં માનવબળ કૌશલ્યયુક્ત છે અને આવતા દશકાઓ રીન્યુએબલ એનર્જીના છે.

આ પ્રસંગે ઓએનજીસી, આઈઆરએસનાં હેડ શ્રી ઓમકારનાથ જ્ઞાની અને જીએસપીસીનાં ડાયરેકટર એકસપ્લોરેશન શ્રી સમીર બિસ્વાલે પણ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતાં.

## ભાટ ગામ નજીક સાબરમતી નદીમાં નરોડાના યુવાનનું ડુબી જતા મોત

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર નજીકના ભાટ ગામે સાબરમતી નદીમાં મિત્રો સાથે ન્હાવા પડેલા ૨૪ વર્ષીય નરોડાના યુવાનનું પાણીમાં ડુબી જવાથી મોત નિપજયું હતું. આ મામલે ઈન્ફોસીટી પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર નરોડામાં આવેલ આદેશ્વર સોસાયટીમાં ૨૪ વર્ષીય રામસિંહ મદનસિંહ ચૌહાણ પોતાના પરિવાર સાથે રહે છે. રામસિંહ આજે પોતાના ત્રણ મિત્રો સાથે કરાઈ નજીકથી પસાર થતી સાબરમતી નદીના પટમાં ન્હાવા પડયો હતો. આ દરમિયાન યુવાન ઉંડાણવાળા ભાગ તરફ જતા રહેતા યુવાન પાણીમાં ગરકાવ થઈ જતા ડુબી જવાથી કરૂણ મોત નિપજયું હતું. ડુબી જવાના મામલે મૃતકના ભાઈ હરિશ ચૌહાણે પોલીસને જાણ કરતા પોલીસે ઘટના સ્થળે આવી યુવાનના મૃતદેહને બહાર કઢાવી વધુ કાર્યવાહી હાથ ધરી હતી. જેની તપાસ ઈન્ફોસીટી પોલીસના જમાદાર વરવાજી ચલાવી રહ્યા છે.

## સે-૧૩ના યુવાનનો ગળે ફાંસો ખાઈ આપઘાત

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર શહેરના સેકટર-૧૩ સ્થિત પુષ્પક એપાર્ટમેન્ટના રહેણાંક મકાનમાં ૩૫ વર્ષીય યુવાને અગમ્ય કારણોસર ગળે ફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી જવા પામી હતી. આ મામલે સેકટર-૭ પોલીસે આપઘાતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

પ્રાપ્ત માહિતી અનુસાર શહેરના સેકટર-૧૩ ખાતે પુષ્પક એપાર્ટમેન્ટ આવેલું છે. જયાંના રહેણાંક મકાનમાં ભરત ગોવિંદભાઈ વાઘેલા પોતાની પત્ની સાથે રહે છે. દરમિયાન ભરત વાઘેલાએ ગત રોજ રાત્રિના ૧૧ કલાકે પોતાના જ મકાનમાં અગમ્ય કારણોસર પંખે ગળે ફાંસો ખાઈ આપઘાત કરતા ચકચાર મચી જવા પામી હતી. ભરત વાઘેલાએ કયા કારણોસર આ પગલું ભર્યું છે તે અંગે કોઈ માહિતી મળી નથી. પોલીસે આ આપઘાત મામલે ગુનો નોંધી આપઘાતનું કારણ શોધવા તપાસ શરુ કરી છે.



સરકારી કર્મચારી જયારે પોતાની ફરજમાંથી વય નિવૃત્ત થાય પછી જે સહકર્મચારીઓ સાથે વર્ષો સુધી કાર્ય કર્યું હોય તેમની સાથેના સંબંધો થોડાક સમય પછી મર્યાદિત કરતા જાય તેવું સામાન્ય રીતે જોવા મળતું હોય છે. પરંતુ ગાંધીનગરના વયોવૃધ્ધ સેવાકર્મી જે.એન. પરીખ જેઓ 'પરીખદાદા'ના હુલામણા નામથી ઓળખાય છે તેમણે પોતાની વય નિવૃત્તિના ૨૫ વર્ષ પુરા થવાના પ્રસંગે વર્ગ-૪ના ૨૯ કર્મચારીઓને ભેટ આપી ઉજવણી કરી હતી. જુનિયર સિટીઝન કાઉન્સિલના સલાહકાર એવા પરીખદાદાએ જુના સચિવાયના મધ્યસ્થ આલેખન તંત્ર ખાતે ગાંધીનગર મધ્યસ્થ ગ્રંથાલયમાં ગ્રંથપાલ પદેથી નિવૃત્તિના ૨૫ વર્ષ પુરા કર્યા છે. તેમણે અધિક્ષક ઈજનેરના પીએ મિત્રાની હાજરીમાં વર્ગ-૪ના કર્મચારીઓને ભેટ આપી હતી. આ કાર્ય બદલ જુસિકા દ્વારા પણ પરીખદાદાને બિરદાવવામાં આવ્યા છે.

## નવ વર્ષથી નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર એસ.ઓ.જી.ની ટીમે સુખસર બસ સ્ટેન્ડ નજીકથી નવ વર્ષથી નાસતા ફરતા આરોપીને બાતમીના આધારે ઝડપી પાડયો હતો અને આરોપીને ડભોડા પોલીસના હવાલે કર્યો હતો.

પ્રાપ્ત માહિતી અનુસાર ગાંધીનગર નજીકના ડભોડા પોલીસ મથકમાં જુદા જુદા ગુન્હામાં છેલ્લા નવ વર્ષથી રમેશ પૂનાભાઈ મછાર (રહે. ઘાટાવાડા), તળગામ ફતેપુરા દાહોદ) નાસતો ફરતો હતો. છેલ્લા નવ વર્ષથી નાસતા ફરતા આરોપી રમેશ મછારની ખાનગી માહિતી ગાંધીનગર એસઓજી પી.એસ.આઈ. વી.કે. રાઠોડને મળી હતી. જે બાતમીના આધારે પીએસઆઈ રાઠોડ તથા તેમની ટીમના પોલીસ કર્મી સિરાજખાન, રાજેશભાઈ, હિતેન્દ્રસિંહ એ સુખસર બસ સ્ટેન્ડ પાસેથી આરોપીને ઝડપી પાડી વધુ કાર્યવાહી માટે ડભોડા પોલીસને હવાલે કર્યો હતો.

## ચિરવિદાય

● સ્વ. મફતલાલ લાલજીભાઈ ડાભી, ઉ.વ. ૭૬
● સ્વ. ઈન્દ્રવદનસિંહ અજીતસિંહ વાઘેલા, ઉ.વ. ૪૫